મોન્ટીસોરી સાહિત્ય પ્રકાશનમાળા પુ૦ ૫

મોન્ટીસોરી શિક્ષકની દૃષ્ટિ

ૐ

દક્ષિણામૂર્તિ બાલમંદિર
ભાવનગર

મોન્ટીસોરી
શિક્ષકની દૃષ્ટિ

લેખક:
ગિજુભાઈ

પ્રકાશક:
ગિજુભાઇ અને તારાબેન
મંત્રીઓ – મોન્ટીસોરી સંઘ
દક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર

આવૃત્તિ પહેલી
પ્રત ૫૦૦
*
સંવત ૧૯૮૫
ઇ. સ. ૧૯૨૯

મુદ્રણસ્થાન : વસંત મુદ્રણાલય
ઘીકાંટા રોડ : અમદાવાદ
મુદ્રક : ચીમનલાલ ઇશ્વરલાલ મ્હેતા

મોન્ટીસોરી શિક્ષકની દૃષ્ટિ

મોન્ટીસોરી પદ્ધતિમાં મોન્ટીસોરી શિક્ષકનું કાર્ય ગૌણ છે. જો કે તેને શિક્ષણ આપવાનું સીધું કાર્ય કરવાનું બહુ જ થોડું છે છતાં ચાલતે કામે તેણે અનેક દૃષ્ટિથી કામ કરવાનું છે. જેટલા પ્રમાણમાં તેની નિર્મળ અને તદનુસાર કામ કરવાની આવડત, તેટલા પ્રમાણમાં તેના કાર્યને સફળતા મળવાની.

એકંદર મોન્ટીસોરી શિક્ષકની દૃષ્ટિ અષ્ટવિધ જોઈએ. જ્યારે તે શાળામાં કામ કરતો હોય ત્યારે તેને એકી સાથે આઠ બાબતો પર તો ધ્યાન આપ્યા વગર ચાલે જ નહિ.

૧. અવલોકન

ચાલતે કામે તેણે બાળકોના શારીરિક, માનસિક અને આધ્યાત્મિક વિકાસક્રમને અવલોકવો જોઇએ. બાળક શરીરે કેવું છે, તેનો મનોવિકાસ ક્યાં સુધી

પહોંચ્યો છે, તેની નૈતિક ટેવો અને આધ્યાત્મિક ટેવોનું વલણ કેવું છે તે તેણે જાણી લેવું જોઇએ. અવલોકનના કાર્ય માટે તેણે અવલોકનની કળા જાણવી જોઇએ. જોવું અને અવલોકવું એમાં ફેર છે. શિક્ષકમાં અવલોકનની દૃષ્ટિ હોવી જોઈએ. આ દૃષ્ટિ પદ્ધતિના અભ્યાસથી અને હંમેશની ટેવથી આવે છે.

બાળક જ્યારે કામે વળગે છે, જ્યારે તે સ્વયં-પ્રેરણાથી કોઈ પણ ક્રિયા કરવામાં તલ્લીન બને છે, ત્યારે જ તે અવલોકવા યોગ્ય બને છે. ત્યારે જ તેનો ખરો સ્વભાવ બહાર પડે છે, ત્યારે જ તેના ગુણદોષ, વલણ, શક્તિ વગેરે જાણી શકાય છે. આવે વખતે તેની સઘળી પ્રવૃત્તિઓનું બારીક અવલોકન કરવાનું છે, કારણ કે આ પ્રવૃત્તિઓ દ્વારા જ તેનો આત્મા પ્રગટ થાય છે.

શિક્ષકે એક નોંધપોથી જેવું રાખવું જોઈએ. એમાં તે બાળક સંબંધે બધું નોંધે. એમાં તેણે એવું કશું ન નોંધવું જોઇએ કે જેનો પોતે સાચો સાક્ષી ન હોય. જે વસ્તુ શિક્ષકને ઇંદ્રિયગોચર લાગે તે વસ્તુ, તે જ હકીકત, શિક્ષક આ નોંધમાં લખે. કશું અનુમાન ઉપર, કિંવદંતિ ઉપર, કલ્પના ઉપર અથવા આગલા પાછલા અનુભવ ઉપર નોંધવું ન જોઇએ. હકીકત તરીકે જ નોંધવી જોઇએ. એ હકીકતોને કેમ ગોઠવવી, તેને કેમ સમજવી, તેનો કેવો અર્થ લેવો તેનો આધાર દક્ષ શિક્ષક ઉપર છે. બધાય

શિક્ષકો હકીકત ઉપરથી નિર્ણય બાંધી શકતા નથી. પદ્ધતિના જ્ઞાનના ખરા અનુભવી અને શાસ્ત્રીય દષ્ટિવાળા શિક્ષકો જ ખરા નિર્ણય ઉપર આવે છે. જેઓની દષ્ટિ પદ્ધતિથી દોરાએલી નથી અને જેઓ શાસ્ત્રીય વિચારસરણીના નથી તેઓ એકાએક દોરવાઈ જાય છે, ખોટાં અનુમાન બાંધ્યાં કરે છે, અને ખોટે માર્ગે જાય છે. બનેલી હકીકતો ઉપરથી નિર્ણય બાંધવામાં ખૂબ કાળજી રાખવી ઘટે છે; ધીરજને ખૂબ કેળવવી પડે છે.

શરીરશાસ્ત્રની દષ્ટિએ બાળકને પ્રથમ અવલોકવું જોઈએ. બાળક તંદુરસ્ત છે કે નહિ, કોઈ પરંપરાથી ઉતરી આવેલો રોગ તેનામાં છે કે નહિ, કોઈ ચેપી રોગથી તે પીડાય છે કે નહિ વગેરે શિક્ષકે શોધી કાઢવું જોઇએ. સામાન્ય રીતે જ્યારે બાળક પ્રવૃત્તિ રહિત રહે, બેસી રહે, સૂઇ રહે, રડયા કરે, ત્યારે અનુમાન કરવાને કારણ મળે છે કે કદાચ બાળક કોઈ ચેપી રોગથી કે કોઇ શારીરિક રોગથી પીડાતું હોય. આવે વખતે શિક્ષકે અવલોકન તીવ્ર બનાવી ડૉકટરની મદદ લઇ તરત જ નિર્ણય કરી નાખવો જોઈએ, કે બાળકને કયું દર્દ લાગુ પડયું છે. આ ઉપરાંત શારીરિક વિકાસના અભ્યાસ માટે શિક્ષકે દરેક બાળકની આજ સુધીની સઘળી નોંધ (Biographical chart) રાખવી જોઈએ. આમાં બાળકનાં માતપિતાના ગુણ-દોષો, શકિત, ધંધો વગેરે નોંધાય. તેથી બાળકને કઇ કઈ બાબતો વારસાની દષ્ટિએ મળવાનો સંભવ છે તે

જાણી શકાય. વળી શરીરશક્તિઓ અને આંતર શક્તિઓ સમજવા માટે બાળકની સર્વદેશીય વિકાસની નોંધ રાખવી જોઇએ. આ નોંધો સંબંધે મોન્ટીસોરીનાં પુસ્તકોમાં ઘણું વિગતથી લખવામાં આવ્યું છે.

માનસશાસ્ત્રની દૃષ્ટિએ બાળકનું અવલોકન કરનાર શિક્ષકે નીચેની બાબતોની તો ખાસ નોંધ રાખવી જ જોઇએ.

૧ બાળક કોઈ પણ એકાદ ચોકસ પ્રવૃત્તિમાં અમુક ચોકસ વખત સુધી ક્યારથી તલ્લીન થવાની શરૂઆત કરે છે.

૨ એ પ્રવૃત્તિ કેવા પ્રકારની છે અને એમાં બાળક કેટલા વખત સુધી કામ કરે છે.

૩ એ કામ કરવામાં એની ઝડપ અને મંદતા કેટલી છે, અને એ પ્રવૃત્તિનું બાળક પુનરાવર્તન કેટલું કરે છે.

૪ અમુક પ્રવૃત્તિઓમાં રોકાતાં બાળકમાં વ્યકત થતી વિશિષ્ઠ ખાસિયતો કઈ કઇ છે.

૫ એક જ દિવસ બાળક કઇ કઈ પ્રવૃત્તિઓ હાથ ધરે છે, અને તેની પાછળ કેટલું મંડયું રહે છે.

૬ કોઇ પણ સ્વયંસ્ફુરિત પ્રવૃત્તિ સામયિક બની જાય તો તે કેટલો સમય ચાલે છે; કેટલા દિવસો, કેટલા મહિના.

૭ બાળક જે જે કાર્યો કરે છે તે કયા ક્રમમાં કરે છે અને કયાં કાર્યોમાં સ્થિરતાથી વળગે છે.

૮ આગળ વધવા માટે બાળક પોતાની ઇચ્છા કેવી રીતે વ્યકત કરે છે.

૯ કયું કામ કરવામાં તલ્લીનતા આવી જવાથી શાળામાં બીજાં આકર્ષણો ઉભાં થવા છતાં તે ધ્યાનભંગ થતું નથી.

૧૦ એવો સમય કયારે આવી લાગે છે કે આકર્ષણો હોવા છતાં બાળક પોતાનું કામ છોડતું નથી.

૧૧ ઇરાદાપૂર્વક તેના કામમાં વિઘ્ન નાખ્યા છતાં અથવા તેને ધ્યાનભંગ કર્યા છતાં તે પાછું તે જ કામમાં લાગી જાય છે એવી સ્થિતિ તેને કયારે લાગે છે.

૧૨ બાળકનાં કાર્યો વ્યવસ્થિત છે કે અવ્યવસ્થિત.

૧૩ અવ્યવસ્થિત કાર્યો કયાં કયાં છે.

૧૪ પ્રવૃત્તિને લીધે બાળક પોતાના વર્તનમાં સુધરતું જતું હોય તેની નોંધ.

૧૫ જ્યારે બાળક વ્યવસ્થિતપણે કાર્ય કરતું હોય ત્યારે નીચેની બાબતો કયારે બને છે તે નોંધવાની જરુર છે:—

क હર્ષોદ્‌ગાર; રમતાં રમતાં આનંદની બૂમો.

ख સંપૂર્ણ સ્વાસ્થ્ય અને ગંભીરતાની પળો.

ग શિક્ષક પ્રત્યે કે બીજાં બાળકો પ્રત્યે પ્રેમની લાગણીનો આવિર્ભાવ.

૧૬ બાળક પોતાના સાથીઓના વિકાસના કાર્યમાં ક્યારે મદદગાર બને છે.

૧૭ બાળકને બોલાવીએ તો ક્યારે તુરત જ તે આવે છે, એટલે કે બોલાવવાના કાર્યને કેટલું માન આપે છે.

૧૮ ક્યારે બાળક બુદ્ધિપૂર્વક બીજાની પ્રવૃત્તિમાં ભળે છે.

૧૯ ક્યારે બાળક બોલાવવાની આજ્ઞાને નિયમિત અનુસરે છે.

૨૦ ક્યારે હુકમોને અનુસરવાનું શરૂ થાય છે.

૨૧ બાળક પ્રેમથી, આતુરતાથી હુકમ માથે ચડાવીને ક્યારે અનુસરે છે.

૨૨ આજ્ઞાંકિતપણું, કાર્યમાં તલ્લીનતા અને વર્તનમાં ફેરફાર એ ત્રણેને પરસ્પર કેવો સંબંધ છે.

અવલોકન કરનારે એ ધ્યાનમાં રાખવું જોઈએ કે અવલોકન પોતાને માટે છે, બાળકને સામાન્ય રીતે ખબર પણ પડવા ન દેવી જોઈએ કે શિક્ષક તેની ઉપર દેખરેખ રાખે છે, ને તેનાં કાર્યોની નોંધ લે છે. શિક્ષકે હમેશ બાળકની પાછળ જ ઉભા રહેવું અને તેના કાર્યમાં વિક્ષેપ ન પડે તેમ શાંતિથી બાળકના વિકાસની પ્રવૃત્તિને અવલોકયા કરવી જોઈએ.

બાળકની નોંધ નામવાર અને તારીખવાર કરવી. પ્રત્યેક બાળકની ફાઇલ જુદી જ રાખવી, જેમાં હમે-

શની નોંધના કાગળો જુદા મૂકાય, આ રીતે બાળક સંબંધે આખું દફતર ઉભું થાય, શિક્ષક એ દફતર ઉપર અવાર નવાર નજર નાખતો રહે અને તે ઉપરથી બાળકને આગળ કેમ વધારવું તેના વિચારો ઘડતો રહે.

૨ પોષક વાતાવરણની તૈયારી

આગળ કહેવાઈ ગયા પ્રમાણે મોન્ટીસોરી શિક્ષકને બાળકના વિકાસને પોષક એવું ઉત્તમ પ્રકારનું વાતાવરણ રચતાં આવડવું જોઇએ. ચાલતે કામે વાતાવરણ વિષે શિક્ષકે એ ધ્યાન રાખવું જોઇએ કે જ્યારે જ્યારે વાતાવરણમાં વિઘ્નો આવે ત્યારે ત્યારે તેણે તે વિઘ્નોને દૂર કરવાં. અપૂર્ણ પરિસ્થિતિને લીધે, અવ્યવસ્થિત ગોઠવણને લીધે કે બાળકોની નવી નવી હાજતોને લીધે ચાલતાં કામોમાં વિઘ્નો ઉભાં થાય છે. કોઈ કોઈ વાર નહિ ધારેલાં એવાં આકસ્મિક કારણો પણ આવી પડે છે. કોઇ પણ કારણસર ગોઠવણ અધૂરી કે અસ્તવ્યસ્ત રહેવી ન જોઇએ. પ્રત્યેક વસ્તુને માટે સ્થળ નક્કી કરીને દરરોજ તેને તે જ સ્થળે રાખવી. વસ્તુ શોધવા માટે આજે એક ઠેકાણે ને કાલે બીજે ઠેકાણે ભટકવું એમ થવું ન જોઇએ. એવી પરિસ્થિતિને લીધે જ ગરબડ વધે છે. જે જે વસ્તુની જરૂર સામાન્ય રીતે પડતી હોય તે તે વસ્તુ હમેશાં હાથવગી જ રાખવી. જે કારણોથી આગલે દિવસે ગોટાળો થયો હોય તે તે કારણોને બીજે દિવસે દૂર કરવાં

જોઇએ. બીજે દિવસે બધો વખત બારીકીથી જોયા જ કરવું અને જાણી લેવું કે પરિસ્થિતિ બરાબર છે કે નહિ, પોષક છે કે નહિ, વિઘ્નરૂપ છે કે નહિ.

કેટલીક વાર આકસ્મિક આવરણોને લીધે અવ્યવસ્થા ઉપસ્થિત થાય છે. આવે વખતે કાર્યની દિશા કેવી રીતે ફેરવી નાખવી ને પરિસ્થિતિમાં કેવા કેવા ફેરફારો કરવા તે શિક્ષકને આવડવું જોઇએ. આવે વખતે શિક્ષકે ખૂબ શાન્તિ જાળવવી જોઇએ ને સમયસૂચકતાથી મુશ્કેલીને દૂર કરવી જોઇએ. આવે વખતે શિક્ષક જેટલો ગુંચવાય તેટલાં–કદાચ તેથી યે વધુ–શાળાનાં બાળકો ગુંચવાય. અકસ્માતને લીધે દિનચર્યામાં ફેર કરવો પડે તો તેની હરકત નહિ. આવે વખતે શાસ્ત્રની બુધ્ધિ કરતાં સામાન્ય બુધ્ધિની વધારે જરૂર પડે છે.

૩ સાધનો આપવાનું

ત્રીજું કાર્ય ઘણી જ સંભાળથી કરવાનું છે. પ્રત્યેક નવા આવનાર બાળકને માટે તેમ જ જૂનાં બાળકોને માટે નવાં નવાં સાહિત્યો સંઘરવાની જરૂર છે. આ કાર્ય ઘણું આકરૂં છે; અને આકરૂં છે તેટલું જ નાજુક પણ છે. કયા બાળકને કયું સાધન આપવું તેનો વિચાર શિક્ષકે એકદમ કરી લેવાનો છે. બાળકને કયા સાધનથી શરૂ કરવું અને નિર્ણિત ક્રમને અનુસરીને આપવામાં આવેલું સાધન બાળક ન લે તો શિક્ષકે શું કરવું, તે તેણે જોવું જોઇએ. પ્રત્યેક

બાળકનો માનસિક વિકાસ ધ્યાનમાં રાખી શિક્ષકે તેને સાધન આપવાનું છે. થોડા જ પરિચયથી શિક્ષકને સમજાઈ જવું જોઇએ કે માનસિક વિકાસમાં બાળક ક્યાં ઉભું છે. વળી બાળકને સાધન વાપરવાની ફરજ પાડવાની નથી; સાધન તેની પાસે મૂકી તેનો ઉપયોગ બતાવી પછી બાળકની પાછળ કે બાળકથી દૂર ઉભા રહી તેને વિલોકવાનું છે. સાધન આપતી વખતે તેને ઉપયોગ બાળક સમક્ષ ઘણી જ કાળજીથી કરી બતાવવાનો છે. શિક્ષકને પોતાને પ્રત્યેક સાધનનો સંપૂર્ણ ઉપયોગ આવડવો જ જોઇએ. તેણે બાળકને તેનો ઉપયોગ શીખવતી વખતે ઘણી જ ધીરજથી કામ લેવું જોઇએ. બાળકનું ધ્યાન છે કે નહિ, તેની મરજી છે કે નહિ, તે શિક્ષકે પ્રથમથી જ નક્કી કરવું જોઇએ. પછી સાધનનો ઉપયોગ ને તેની આખી ક્રિયાને આસ્તે આસ્તે છૂટી પાડી તેના કટકે કટકાને એક પછી એક એમ બતાવવા જોઇએ. એક સંપૂર્ણ ક્રિયા ઘણી નાની નાની છુટી ક્રિયાને પરિણામે થાય છે, એ સૂત્ર ધ્યાનમાં રાખી છેક નાનામાં નાની ક્રિયાને પણ જાણે તે ઘણી મોટી અને સ્વતંત્ર ક્રિયા છે એમ ગણી બાળકના ધ્યાન પર મૂકવી જોઇએ. વળી એક સાધનના ઘણા ઉપયોગ હોય છે. તેમાંના કેટલા ઉપયોગ એકી સાથે બાળકને બતાવવા તેનો શિક્ષકે બાળકની શક્તિ ધ્યાનમાં રાખી વિચાર કરવાનો છે. વળી પ્રત્યેક સાધનનો ઉપયોગ એક અથવા

એકથી વધારે ઇંદ્રિયોથી થઇ શકે છે. તો તે કઇ કઇ ઇન્દ્રિયો દ્વારા શરૂઆતમાં તેનો ઉપયોગ કરાવવો તે પણ શિક્ષકે જ નક્કી કરવું જોઇએ. કયું સાધન આંખથી વાપરી શકાય છે, કયું આંખ અને સ્પર્શ બંનેના સાથેના ઉપયોગથી વધારે લાભ આપે છે, કયું સાધન વાપરવામાં આંખ, સ્પર્શ અને કાન એ ત્રણે ઇંદ્રિયો વાપરવાની જરૂર છે, તો વળી કયું સાધન વાપરતાં બીજી ઇંદ્રિયોના વ્યાપાર બંધ કરવા જોઇએ અને એક જ ઇંદ્રિયના વ્યાપારને અવકાશ આપવો જોઇએ, વગેરે બધું શિક્ષકે તો જાણવું જ જોઇએ. આ બધી બાબતો બાળકને સાધન આપતાં પહેલાં શિક્ષકના ધ્યાનમાં હોવી જોઇએ. કયા ક્રમે બાળકોને સાધન આપવાં તે 'મોન્ટીસોરી પદ્ધતિ' નામના પુસ્તકમાં તેમ જ 'સ્વતંત્ર બાલશિક્ષણ' માં આપવામાં આવેલ છે. આ ક્રમ ડૉ. મોન્ટીસોરીએ ઘણા અનુભવ અને અખતરા પછી ગોઠવેલો છે, છતાં ક્રમમાં ફેરફાર કરી શકાય. બાળકની વૃત્તિ અને માગણીને અનુસરીને સાધનો આપવાનો ક્રમ ઉત્તમમાં ઉત્તમ ગણાય. સામાન્ય રીતે શિક્ષકે મોન્ટીસોરીના ક્રમને અનુસરવું. અખતરા તરીકે તે જ ક્રમનો ધોરણ તરીકે સ્વીકાર કરવો. વળી સઘળાં સાધનો આ ક્રમ પ્રમાણે જ ગોઠવેલાં રહેવાં જોઇએ.

૪ સાધનોનો દુરુપયોગ અટકાવવો

આ કામો સાથે સાથે ચોથું કામ પણ કરતા જવાનું છે. આ કામ તે સાધનોનો દુરુપયોગ થતો

અટકવાનું છે. પ્રત્યેક મોન્ટીસોરી સાધન હેતુપુરઃસર જ બનાવવામાં આવેલું છે, તેથી પ્રત્યેક સાધન અમુક હેતુ સિદ્ધ કરવા માટે જ વાપરવાનું છે. જે સાધનનો જે ઉપયોગ નક્કી કરવામાં આવે છે તે સાધનનો તે ઉપયોગ કરવામાં ન આવે તો તે સાધનથી થતો લાભ થાય નહિ, અને સાધનોનો વપરાશ નિષ્ફળ જાય. આથી જ બાળક સાધનોનો દુરુપયોગ કરે તો તેને રોકવું જ જોઇએ. ઘણી વાર એવું બને છે કે બાળકને અમુક કાર્ય કરવાની ઇચ્છા હોય છે, અને બીજું સાધન ન હોવાથી તે મોન્ટીસોરી સાધનદ્વારા ઇચ્છિત કાર્ય કરવા મંડી જાય છે. દાખલા તરીકે કોઈ બાળકને બંગલો બાંધવાની મરજી હોય; જો તેની પાસે બંગલો બાંધવા માટે લાકડાની ઈંટો અને ઘન ન હોય તો તે કદાચ ટાવરથી પોતાની વૃત્તિ શાંત કરવા પ્રયત્ન કરે છે. આપણે જોઈ શકીએ કે ટાવરથી કાંઇ બંગલો બંધાશે નહિ. પણ જાણીએ કે તેનામાં બંગલો બાંધવાની વૃત્તિ છે તો ટાવરનો જે દુરુપયોગ થતો હોય તે અટકાવવા આપણે બાળક પાસે શાંતિથી જવું, એક પણ શબ્દ બોલ્યા વિના તેની પાસેથી ટાવર લઈ લેવું અને તેને બદલે તેની પાસે ફ્રૉબૅલની ઈંટો અને ઘનો મૂકી દેવાં કે જેથી બાળક સહેલાઇથી બંગલો બાંધી શકે, અને તેની જરૂરિયાતને સંતોષ મળે. આમ કરવાથી સાધનનો દુરુપયોગ અટકશે અને સાથે સાથે બાળકની વૃત્તિને અનુરૂપ સાધન મળી જશે તેથી

તેના વિકાસમાં મદદ થશે. કોઈ પણ સાધન બાળક પોતાને ગમે તે રીતે વાપરે તો તેને તેમ વાપરવા દેવાથી તેની સૃજનશકિત ખીલે એવી કિન્ડરગાર્ટન શાળાઓના શિક્ષકો અને કેટલાએક કેળવણીશાસ્ત્રીઓની માન્યતા છે. આ પદ્ધતિમાં તેને અવકાશ નથી.

૫ મદદ આપવી

ચાલતે કામે પાંચમું કામ શિક્ષકે એ કરવાનું કે તેણે જ્યાં જ્યાં બાળકને તેની મદદની જરૂર પડે ત્યાં ત્યાં તે આપવાની છે. આનો અર્થ એવો નથી કે આપણે બાળકને જ્યારે ને ત્યારે મદદ કરવાની ઇચ્છા રાખ્યા કરીએ અથવા બાળક પોતે જાતે જે કરી શકે ત્યાં આપણે તેને તે કરી દઇએ. આપણે કરી દેવું એ વૃત્તિ તો મોન્ટીસોરી પદ્ધતિનું ખૂન જ કરે છે, સ્વાતંત્ર્યના વિચારના મૂળમાં જ દીવાસળી મૂકે છે. આ શાળાઓમાં તો આપણે જેમ બને તેમ બધું બાળકને જ કરવા દેવું જોઇએ અને બાળકો બધું કામકાજ પોતાની મેળે જ કરતાં થાય એટલા માટે આપણે તો પરિસ્થિતિ રચતા જવું, અને પ્રયત્નો કર્યા કરવા. આપણું કર્તવ્ય બને તેટલી વહેલી તકે બાળકને સ્વતંત્ર અને સ્વાશ્રયી બનાવવાનું છે માટે જ આપણે તેને અયોગ્ય એટલે સ્વાતંત્ર્ય અને સ્વાશ્રયના માર્ગમાં આવે એવી મદદ તો ન જ કરીએ. જેમ જેમ આપણે તેને મદદ કરતા જવાના તેમ તેમ બાળક પરાધીન અને આપણું ગુલામ બનવાનું જ. આપણે તેને આ

વૃત્તિ અને સ્થિતિમાંથી છોડાવવાનું છે. એનો એવો અર્થ ન થાય કે આપણે તેને કોઈ પણ પ્રકારની મદદ જ ન કરવી. એવા કેટલાય પ્રસંગો આવે છે કે જ્યારે આપણે તેને મદદ કરવી જોઇએ. દાખલા તરીકે ચોમાસાને લીધે બાળકનું મેજ ઉઘડતું ન હોય અને તે ઉઘાડવા બાળક આપણી મદદ માગે તો બેશક તેને આપણે જરૂર મદદ કરવી. આપણી દષ્ટિ સમીપ આપણે એ ધોરણ રાખવાનું છે કે અમુક ઉંમરનું બાળક અમુક અમુક કાર્ય પ્રયત્નથી જાતે કરી શકશે નહિ. જો તે પ્રયત્નથી છેવટ કરી શકે તેમ હોય તો આપણે તેને મદદ ન જ કરીએ. પણ ઉલટું આપણને ખાત્રી હોય કે અમુક કાર્ય બાળક માટે અશક્ય છે અને બાળકે તે કરવું તો જોઇએ જ તો તો આપણે ચોકસ તેને મદદ કરવી ઘટે છે. વળી કેટલીક મદદો એવા પ્રકારની પણ હોઇ શકે કે જે એક રીતે મદદ રૂપે હોય અને બીજી રીતે પાઠ રૂપે પણ હોય. પણ એક વાર પાઠ તરીકે મદદ આપ્યા પછી જો બાળક પોતાની જાતે કરી શકે તેમ હોય તો જરૂર તેને મદદ ન જ આપવી; ભલે પછી તેને તે કામ કરતાં લાંબો વખત જાય, શ્રમ લાગે અથવા દિવસો ચાલ્યા જાય અને બાળક થાકી થાકીને વારંવાર મૂકી દે તો પણ ચિંતા નહિ. પણ એક વાર જ્યારે બાળકને સ્વાશ્રય અને ખંતની ચાવી હાથ લાગી જશે એટલે બાળક સ્વાતંત્રતાને માર્ગે ચડશે. બધું કામ ઝટ ઝટ પૂરૂં થઈ

જાય અથવા બાળકને જલદી આવડી જાય એવી ઇચ્છાથી ઘણીએ વાર બાળકને મદદ કરવાનું આપણને મન થઈ આવે છે. અને આપણે ખરેખર બાળકને જ્યાં મદદ ન જોઈતી હોય ત્યાં તે કરવા બેસી જઇએ છીએ. આમ આપણે કદિ પણ ન જ કરવું જોઇએ. અને જ્યાં પદ્ધતિથી કામ થતું હોય ત્યાં ઉતાવળ ન જ કરવી. કારણ કે આ પદ્ધતિનો ઉદ્દેશ બાળકને અંદરથી વિકસવા દેવાનો છે; તેનામાં વિકાસ બહારથી ઠાંસી ઠાંસીને ભરવાનો નથી. દરેક વિકાસનું કામ ક્રમે ક્રમે, ધીમે ધીમે, શાન્તિથી, જરા પણ ઉતાવળ વિના જ થાય છે. ઝાડ, પશુ, પ્રાણી કોઈ પણ કુદરતી ચીજ તેના સામાન્ય વિકાસના નિયમને અનુસરીને જ ઉતાવળ વિના પૂરા સ્વરૂપમાં વિકસે છે. બાળકના વિકાસને પણ આ જ નિયમ લાગુ પડે છે.

બાળક પ્રત્યે પ્રેમ કે સહાનુભૂતિ દર્શાવવા માટે કે અંતરમાં લાગણી હોવાથી તેને વગર જોઈતી મદદ કરી બેસવાનું નથી. તંદુરસ્ત અને ઘરના ખરાબ વાતાવરણને લીધે નહિ બગડી ગયેલું બાળક હમેશાં હરેક પ્રકારનું કામ જાતે જ કરવા માગે છે: તેમાં જ તેનો આનંદ છે. તે સ્વચ્છ જગ્યામાં બેસી શકે માટે તેને વાળી ન દઇએ. આપણે મદદ નહિ કરીએ તો તે પોતાની મેળે જ વાળશે અને પછી વધારે આનંદથી બેસશે.

બાળક નાનું છે તેથી તેની બધી ક્રિયાઓ બેશક

ધીમી છે, છતાં તે સંપૂર્ણ તો છે જ. તફાવત માત્ર સમય અને ગતિમાં પડે છે. પ્રેમમાં તણાઇ જઈ બાળકને આપણે પરતંત્ર બનાવી ન બેસીએ અથવા તેની સ્વાધીનતાનો સ્વાભાવિક આનંદ લુંટી ન લઇએ. ઉતાવળથી શાળાએ મોકલવાની ઇચ્છા રાખનાર માતા બાળકને પોતાની જાતે કપડું પહેરાવવા મંડી જાય છે, અને તેની સ્વયંસ્ફુરિત વૃત્તિને રોકી તેના વિકાસના કાર્યમાં વિઘ્ન નાખે છે. બાળકોનો ખરો વિકાસ તેને કેવળ શાળાએ મોકલી દેવામાં નથી. કપડું જાતે પહેરવાની ક્રિયા કરવામાં તેનો ખરો વિકાસ છે એટલું જ નહિ, પણ એવી સ્વયંસ્ફુરિત પ્રવૃત્તિને માર્ગે જવામાં સ્વયંશિક્ષણનાં દ્વાર આપોઆપ ખુલ્લાં કરી દેવામાં આવે છે. માતપિતાઓ જો આટલું જાણે તો આજે ભણાવવા માટે થઈ રહેલી આટલી બધી ઉતાવળનો વહેલો અંત આવે.

એક વાર કોઈ એક મોન્ટીસોરી શાળામાં કેટલાંએક બાળકો ફરતાં ટોળે વળી કુંડાળામાં બેસી કાંઇક રમત કરતાં હતાં. એક છેક નાનું બાળક હતું. કુંડાળામાં શું થાય છે તે જોવાનું તેને મન થયું. અંદર જોવાનો તેણે નિષ્ફળ પ્રયત્ન કર્યો, તે મુંઝાયું. પ્રથમ તેને સૂઝયું નહિ કે અંદર જવા માટે શું કરવું. અંદર શું થાય છે તે તો તેને જોવું જ હતું. તેની ચમકતી નાની ભૂરી આંખોનું તેજ એક નાનકડી ખુરશી પર પડયું. તેણે તરત જ નિર્ણય કર્યો. તે

દોડયું અને ખુરશી ઉપાડી લઇને કુંડાળા તરફ ચાલવા માંડયું. બાળક છેક નાનું હતું તેથી લાવતાં તેનો ઘણો વખત જાય તેમ હતું, અને તેને પુષ્કળ શ્રમ પણ પડે તેમ હતું. બાળકના મ્હોં પર નિશ્ચય અને ખંતનાં ચિન્હો જણાતાં હતાં. તે પોતાના ભગીરથ પ્રયત્નમાં એક ધ્યાનથી રોકાએલું હતું. એક શિક્ષિકા ત્યાં ઉભી હતી તેના હૃદયમાં સહાનુભૂતિ ઉભરાઇ આવી. તેણે બાળકને આટલું બધું દુઃખી થતું જોયું. બાળકનો આશય તે સમજી હતી. તેણે બાળકને ઝટ તેડી લીધું. ખુરશી બાળકના હાથમાંથી સરી પડી. બાઇ બાળકને કુંડાળામાં શું થાય છે તે જોવા લઇ ગઇ. બાળકનો આનંદ છેક ઉતરી ગયો હતો. તેને આ બીજાએ ચાવેલું અન્ન ખાવું ન ગમ્યું. તેને તો પોતાના પ્રયત્ન વડે દશ્ય જોવું હતું. તેની મઝા સ્વાશ્રયમાં હતી, પરાવલંબનમાં ન હતી. ખુરશી જાતે જ ઉપાડી લઇ જવામાં તેને પોતાના સ્નાયુઓ કેળવવા હતા; પોતાની શકિતનું બળ માપવું હતું. તેની બધી મુરાદો બર ન આવી એટલે તે છેક નિરાશ થઈ ગયું અને દુઃખી દેખાયું.

આવું જ એક બીજું દષ્ટાંત છે. એક બાગમાં એક આયા એક બાળકને લઇ ફરવા ગઈ હતી. બાગની રેતીમાંથી બાળક નાની એવી બાલદીમાં કાંકરા એક પછી એક નાખતું હતું, અને બાલદી ભરવાનો પ્રયત્ન કરી રહ્યું હતું. જ્યારે તે બાળક આ પ્રયત્ન

કરી રહ્યું હતું, ત્યારે તે તેની આસપાસની બધી દુનિયાનું ભાન ભૂલી ગયું હતું. તે તેની ડોલમાં કાંકરા ભરવાના ક્ષુદ્ર દેખાતા કામમાં મશગુલ બની ગયું હતું. આ કામ તેને મન અદ્દ્ભુત અને જીવનનો અપૂર્વ લહાવો હતો. એ વખતે તેના મુખ ઉપર સંપૂર્ણ સુખનાં ચિન્હો સુસ્પષ્ટ દેખાતાં હતાં. એટલામાં સાંજ પડી, ઘેર જવાનો વખત થયો ને આયા ઉતાવળી થઇ. તેણે એક બે વાર બાળકને તૈયાર થઈ જવાનું અને બાબાગાડીમાં બેસી જવાનું કહ્યું. પણ બાળકનું ધ્યાન બીજી જ બાજુએ હતું. તેથી તેણે કદાચ સાંભળ્યું પણ ન હોય; આયાનો મિજાજ ગયો. તેને લાગેલું કે બાળકને આટલા બધા કાંકરા બાલદીમાં નાખી ઘેર લઈ જવા છે. બાળકની ઇચ્છા પૂરી પાડવા તેને વિચાર થયો. તેણે એકદમ ખોબે ખોબે કાંકરાથી ડોલ ભરી દીધી ને પછી બાળકને અને ડોલને બન્નેને બાબાગાડીમાં મૂકી દીધાં ને ચાલવા માંડયું. બાળક રડવા લાગ્યું. તેના મ્હોં ઉપર એક નાના બંડખોરનાં ચિન્હો સ્પષ્ટ હતાં. તેના વિકાસના માર્ગમાં આડે આવનાર વ્યક્તિ ઉપર તે એકદમ ખીજાઇ ગયું હતું. આ રીતે બાળકને ન જોઇતી મદદ આપીને સુખી કરવાને બદલે બિચારી આયાએ તેને ભારે દુઃખી કરી દીધું.

આ બે દૃષ્ટાંતો ઉપરથી આપણે સમજી લેવું જોઇએ કે બાળકને મદદ આપતા પહેલાં કેટલો બધો

વિચાર કરી લેવાનો છે. જ્યાં બાળક માટે અશક્ય હોય, જ્યાં બાળકને મદદ ન આપીએ તો તેને ઇજા થાય, ત્યાં જ તેને મદદ આપવી. અથવા તો મદદ પોતે જ જ્યાં બાળકના વિકાસમાં આવશ્યક હોય ત્યાં જ તે આપવી. આવી મદદ તેને બદલે બધું કરી આપવાની ન હોય, પણ એકાદ સૂચના રૂપે હોય. બાળક શરૂઆતમાં મદદ–પરાશ્રય ન મળતાં રડશે, દુઃખ પામશે અને આપણને મુંઝવશે, પણ તેની કાળજી કરવી નહિ. સ્વાશ્રય એ જ સુખનો માર્ગ છે. અને માર્ગે ચડતાં બાળકને રડવું પડે તો તેની ચિંતા કરવી નહિ. 'મોન્ટીસોરી મધર' નામના પુસ્તકમાં આ બાબત ઉપર એક સુંદર દૃષ્ટાંત છે. બાળક કઇ કઈ બાબતમાં અન્યનો આશ્રય માગે છે તે ધ્યાનમાં રાખી તેને કેવી રીતે સ્વતંત્ર બનાવવું, તેની યોજના રચવામાં જ તેને ખરી મદદ આપી ગણાય. આવી મદદ જ મોન્ટીસોરી પદ્ધતિમાં સ્વીકારવામાં આવી છે.

શિક્ષકનું છઠ્ઠું કાર્ય બાળકને તેની પ્રગતિમાં આગળ લઇ જવાનું છે. એક વાર એક સાધન બાળકને બતાવ્યા પછી જ્યારે તેનો સંપૂર્ણ ઉપયોગ બાળક કરી રહે ત્યારપછી તેને બીજું સાધન આપવાનું છે, જો તેને વખતસર અને ક્રમસર સાધન આપવામાં ન આવે તો બાળક રખડે, રઝળે, રડે કે પડયું રહે, ને આગળ વધે નહિ; અથવા બીજા

ત્રીજા ક્રમનાં સાધનો આડાં અવળાં લે ને તેનો દુરુપયોગ કરે. આમ બૌધ્ધિક વિકાસમાં બાળક કઇ કક્ષાએ છે તે શિક્ષકે જાણવું જોઇએ અને તે કક્ષાથી ઉંચે ને ઉંચે બાળકને લઇ જવા માટે શિક્ષકે તેને મદદ આપવી જોઇએ. શિક્ષકે નિરંતર જાગતા રહેવાની આવશ્યક્તા છે. જેવું બાળક એક કામ કરીને છૂટયું કે તરતજ તેની પાસે બીજું કામ આવવું જ જોઇએ. એનો અર્થ એવો નથી કે બાળક ઉપર અનિચ્છાએ પ્રવૃત્તિને લાદવી જોઇએ.

બાળક આરામને માટે ફરે કે શાન્તિથી અવલોકન કરે કે મેળવેલા જ્ઞાનનો ઉપયોગ કરવા રોકાય એ સઘળું બાળકનાં નાનાં કાર્યોમાં સમાઇ જાય છે. બાળક એક કામ કર્યા પછી—તેના ઉપર પોતાનો કાબુ જમાવ્યા પછી તેનો આનંદ લેતું લેતું ફરવાના કાર્યમાં કે ઉદ્દેશ વિના આમતેમ ભટકવાના કાર્યમાં છે કે શામાં છે તે શિક્ષકે શોધી કાઢવાનું છે. રખડતું ન હોય એવા બાળકને તો શિક્ષક અડે જ નહિ. જ્યાં સુધી બાળક એક સાધન ઉપર પુનરાવર્તન કરવામાં ગુંથાયું હોય ત્યાં સુધી શિક્ષક તેનાથી દૂર જ રહે. પણ એક વાર કામે લાગેલ પણ પાછળથી પ્રવૃત્તિ રહિત થઈ ગએલ બાળકને આગળ કેમ લેવું તેનો વિચાર શિક્ષકે વારંવાર કરવાનો છે. જ્યારે બાળક બુદ્ધિ અને ઉદ્દેશપૂર્વક કામ કરતું નથી હોતું ત્યારે તે જમીનમાંથી નીકળી ગયેલ ઝાડની પેઠે સડે છે.

સામાન્ય રીતે તંદુરસ્ત બાળક કામ વિના રહી શકતું નથી, અને સાધનો હોય તો બુદ્ધિપૂર્વક અને ઉદ્દેશ-પૂર્વક કામ કરે છે. કામ વિનાનું બાળક તંદુરસ્ત હોય તો એમ માનવું કે સાધનના અભ્યાસમાં તે કામ વિનાનું છે. બાળક રખડે છે કે નહિ તે જાણવું મુશ્કેલ છે. એકદમ માની ન લેવું કે બાળક રખડે છે. બાળક શું કરે છે તે સંભાળથી જોવું: મોટે ભાગે એક સાધન વાપર્યા પછી તેમાંથી મળેલ ઇંદ્રિયવિકાસ દ્વારા બાળક વાતાવરણનો આસ્વાદ લે છે. આ વખતે તેનું જ્ઞાન વિશિષ્ટમાંથી સામાન્ય થાય છે. આ તેની કેળવણીનું પરિણામ છે.

શિક્ષકની સાતમી દૃષ્ટિ બાળકના બૌદ્ધિક વિકાસ તરફ જવી જોઇએ. પદ્ધતિમાં ઇન્દ્રિયોની કેળવણી એ એક કામ છે. ઇન્દ્રિયોની કેળવણી પછી તુરત જ બૌદ્ધિક કેળવણી શરૂ થવી જોઇએ. જ્યારે બાળક કોઇ સાધન સંપૂર્ણ રીતે વાપરી કહે—સાધનનો વપરાશ અનેકવાર થઇ જાય ત્યારે સમજવું કે હવે બાળક એ સાધન દ્વારા મળી શકતી બૌદ્ધિક કેળવણી લેવા યોગ્ય થયું છે. આવે વખતે બૌદ્ધિક કેળવણી આપવાની તક લેવી. આ કામ બીજાં કાર્યોની સાથે કરવાનું છે. જો કે એકી સાથે બધે ધ્યાન આપતાં આ કામ કરવું તો મુશ્કેલ છે જ. વખત આવ્યે બાળક પાસે ચટ દઇને બેસી જવું, અને જે સાધનોનો વપરાશ સંપૂર્ણ રીતે થઇ ચૂકયો હોય તે સાધન સંબંધે

સેગ્વીનનાં ત્રણુ મશહુર પદ્દોથી બુદ્ધિની કેળવણી આપી દેવી. દાખલા તરીકે બાળક ધનના દટ્ટાની પેટી નં. ૧ની સાથે ખૂબ રમ્યું. તેને તેના ઉપર સુંદર કાબુ આવી ગયો. તે વખતે શિક્ષકે તેને તે દ્વારા લાંબું અને પાતળું એ બે શબ્દો શીખવવા. જેમ દટ્ટાની કોરણુની ફરતી આંગળી ફેરવવાની ક્રિયાની સાથે જ અક્ષર ઘૂંટવાની ક્રિયાની અવ્યક્ત શરૂઆત થઈ જાય છે તેમજ દટ્ટાને લગતી ભાષા શીખવવાથી અક્ષરનાં નામો શીખવવાની શરૂઆત પણુ અવ્યકત રીતે થઇ જાય છે. ક્રમે ક્રમે આવી જાતની કેળવણી આપવાથી બાળકને અત્યાર સુધી આખું વાતાવરણ એકલું ઈન્દ્રિયગમ્ય હતું તે હવે બુદ્ધિગમ્ય થાય છે અને બાળકની શકિતમાં અને આનંદમાં વૃદ્ધિ થાય છે. સાથે સાથે બાળકની ભાષા શુદ્ધ બનતી જાય છે, તેનો શબ્દભંડાર વધે છે અને સ્મરણ શક્તિને કસોટી મળે છે. આ બૌદ્ધિક કેળવણીનું કાર્ય ઘણી સફાઇથી કરવાનું છે.

છેવટની દષ્ટિ તે શાળા જોવા આવનાર ભાઇઓ અને બહેનો પ્રત્યે રાખવાના વર્તનની છે. મોન્ટીસોરી પદ્ધતિનો અખતરો દુનિયામાં નવો છે. સ્વાતંત્ર્ય દ્વારા સિદ્ધ થયેલ વ્યવસ્થાનું દર્શન પ્રત્યેક મુલાકાતે આવનારને અદ્‌ભુત લાગે છે; પ્રયોગની નવીનતા ખાતર ને સુન્દરતા ખાતર. એ પ્રયોગ બાળકોનો છે અને માટે અનેક સ્ત્રી પુરુષો એ પ્રયોગની શાળાઓ જોવા

ઉભરાય છે અને તેઓ બધાયને માટે આપણું હમેશને માટે અંતઃકરણનું સ્વાગત છે. આપણે આપણા પ્રયોગોમાં મશગુલ હોવા છતાં તેમના તરફ જરા પણ બેદરકાર ન રહીએ. તેમને પ્રેમપૂર્વક સઘળું બતાવીને સમજાવીએ અને બાળકેળવણીમાં રસ લેતા કરીએ. જોવા આવનારાઓ બધા કેળવણીકારો હોતા નથી. તેઓ વારંવાર ભૂલ કરી બેસે છે પણ આપણે તેમની બરદાશ કરી લઇએ, તેમને સંભાળી લઈએ. મુલાકાત લેવા આવનાર માટે આપણે કશો ડોળડમાક કરવાનો નથી. હમેશના સ્વાભાવિક ક્રમ પ્રમાણે જ આપણું કામ ચાલવું જોઈએ. મુલાકાત લેનારાઓને માટે શાળાઓ નથી. આપણો આત્મસંતોષ, આપણા પ્રયોગોની સફળતા અને તેનાં ચોકસ પરિણામો એ જ એનાં ખરાં પ્રમાણપત્રો છે. મુલાકાતે આવનારાઓથી વર્ગમાં અવ્યવસ્થા થઇ જશે એવી ભીતિ આપણા મનમાં ન હોઈ શકે, કારણ કે સ્વાતંત્ર્ય દ્વારા નિયમન એ આપણો મૂળ સિદ્ધાંત શાળાના કાર્યમાં ઉતરી શક્યો હોય તો પછી શિક્ષક હાજર હોય કે ન હોય અને મુલાકાત લેવાવાળા આવે કે ન આવે તો પણ વ્યવસ્થા તો સચવાવાની જ છે.